# આજથી શાળા પ્રવેશોત્સવનો બે દિવસીય રાજ્યવ્યાપી પ્રારંભ

ગાંધીનગર, તા. ૧૩

મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીના નેતૃત્વમાં આવતીકાલથી બે દિવસ માટે રાજ્યવ્યાપી કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવની ૧૬મી કડીનો ગ્રામીણ ક્ષેત્રોમાં આરંભ થશે.

વિજયભાઇ રૂપાણી સાબરકાંઠા જિલ્લાના પોશીના તાલુકાની લાંબડીયા ગામની શાળાથી આ પ્રવેશોત્સવનો પ્રારંભ કરાવવાના છે.

મુખ્યમંત્રી આ ગામમાં ૧૯૦ બાળકોને ધોરણ-૯માં અને ૬૮ને ધોરણ-૧૧માં તેમજ પ્રાથમિક શાળામાં ૧૮૯ બાળકો અને આંગણવાડીમાં ૫૦ ભૂલકાંઓને પ્રવેશ અપાવશે.

નાયબ મુખ્યમંત્રી નીતિનભાઇ પટેલ મહેસાણા જિલ્લાના ગામોમાં આ શિક્ષણ સેવા અભિયાનનું નેતૃત્વ કરશે.

આ વર્ષનો પ્રવેશોત્સવ ૩૨૭૮૦ પ્રાથમિક, ૧૧૨૩ સરકારી માધ્યમિક અને ૫૧૫૭ ગ્રાન્ટ ઇન એઇડ માધ્યમિક શાળાઓમાં યોજાશે.

રાજ્યના મંત્રીઓ તેમજ બોર્ડ નિગમના પદાધિકારીઓ સહિત ૫૮ પદાધિકારીઓ, આઇ.એ.એસ., આઇ.પી.એસ., આઇ.એફ.એસ. અધિકારીઓ તેમજ ખાતાના વડાઓ અને સચિવાલયના ઉચ્ચ અધિકારીઓ મળી ૫૩૮ સેવા કર્મીઓ આ શિક્ષણ સંસ્કાર યજ્ઞમાં જોડાશે.

અત્રે એ નિર્દેશ કરવો જરૂરી છે કે, રાજ્ય સરકારે આ શાળા પ્રવેશોત્સવ અભિયાનમાં એક નવતર અભિગમ અપનાવી પ્રાથમિક શાળામાં નામાંકન સાથે ધોરણ ૮ પાસ કરીને ધોરણ ૯માં માધ્યમિક શાળામાં પ્રવેશોત્સુક વિદ્યાર્થીઓનો પ્રવેશોત્સવ પણ હાથ ધર્યો છે.

ગુજરાતમાં વર્ષ ૨૦૦૨-૨૦૦૩થી શરૂ થયેલા આ શાળા પ્રવેશોત્સવ અભિયાનની સફળતાને પગલે રાજ્યની પ્રાથમિક શાળાઓમાં ૯૯.૧૫ ટકા જેટલું નામાંકન થયું છે.

# અખિલ ભારતીય ક્ષત્રિય મહાસભા દ્વારા શહેરમાં ૭મી જુલાઈએ ગોળમેજી પરિષદ યોજાશે

ગાંધીનગર, તા.૧૩

સમગ્ર દેશમાં સમાનતાના અધિકાર, ગૌરવ-પ્રતિષ્ઠા તેમજ સુરક્ષા સહિતના પ્રશ્નોના નિરાકરણ સાથે રાષ્ટ્રનિર્માણની પ્રક્રિયા માટે જણાવ્યું હતું કે અત્યારે દેશની એકતા સામે ડર જેવી સ્થિતિનું નિર્માણ થયું છે. આથી દેશવ્યાપી રાષ્ટ્રીય સંગઠન બનાવવાના હેતુંથી આ ગોળમેજી સંમેલનનું ઉત્થાન આયોગ તેમજ ગ્રામસભાથી લઈ વિધાનસભા સુધી ક્ષત્રિય કલ્યાણ બોર્ડની રચના કરવા માટે ભારત સરકારમાં રજુઆત કરવામાં આવી હોવાનું જણાવતા




અખિલ ભારતીય ક્ષત્રિય મહાસભા દ્વારા ગોળમેજી સંમેલનનું આગામી તા. ૭ જુલાઈના રોજ ગાંધીનગર ખાતે ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે સમગ્ર દેશમાંથી રાજવીઓ સહિત વિવિધ ક્ષેત્રમાં નોંધપાત્ર યોગદાન આપી રહેલા આગેવાનો સહિત સમાજના ૨૫૦ થી વધુ સંગઠનોના અગ્રણીઓ હાજર રહેશે.

અખિલ ભારતીય ક્ષત્રિય મહાસભાના પ્રમુખ કુંવર અજયસિંહે આજે શહેરમાં પત્રકાર પરિષદ સંબોધતા આયોજન કરવામાં આવ્યું છે. જે સત્તાધિશો દેશના નાગરીકો તેમજ બહેન દિકરીઓની રક્ષા કરવા માટે સક્ષમ ના હોય તે બહુ ગંભીર બાબત છે. તેમ કહીને તેઓએ વધુમાં જણાવ્યું હતું કે દુષ્કર્મ સહિત કાશ્મીરમાં સેના સામે પથ્થરબાજી જેવી ઘટનાઓ દુખદ છે. ક્ષત્રિયોએ રાજવી પરંપરા સાથે જમીન, પ્રાકૃતિક સંશાધનો તેમજ સત્તાના આપેલા ત્યાગ-બલિદાનને યાદ કરતા તે વખતે થયેલી સમજુતી પ્રમાણે ક્ષત્રિયોને ૩૫ ટકા અનામત આપવા માંગ કરી છે. આ ઉપરાંત ક્ષત્રિય તેમણે ઉમેર્યું હતુ કે પાટીદારોને પણ અનામત માંગવાનો અધિકાર છે. આ પ્રસંગે મહાસભાના કોર્ડીનેટર રાણાસિંહજીએ જણાવ્યું હતું કે આ હેતુ માટે સમગ્ર દેશના પાટનગરમાં આ ગોળમેજી બેઠકો યોજવામાં આવી રહી છે. જયારે ગાંધીનગર જિલ્લા રાજપૂત સમાજના પ્રમુખ શંકરસિંહ રાણાએ જણાવ્યું હતું કે આ સંમેલન અંગે રાજયના મંડળ સાથે સંકલન કરી કારોબારી બેઠકમાં તમામ પ્રકારનો સહયોગ આપવા માટે નિર્ણય કરવામાં આવશે અને સંગઠીત થઈને સંસદ બનાવી પરિણામ મેળવવામાં આવશે.

# વિરાત્રા વાંકલ માતાજીના મહાતીર્થ ધામમાં શ્રીકૃષ્ણજીનો ત્રિ-દિવસીય મૂર્તિ-પ્રતિષ્ઠા મહોત્સવ

**૧૪મીએ મૂર્તિ પ્રાણ-પ્રતિષ્ઠાનો મંગલ પ્રારંભ થશે, ૧૬મીએ ઉમંગભેર પુર્ણાહુતી**

મોડાસા, તા.૧૩

અરવલ્લી અને સાબરકાંઠા સહિત ઉત્તર ગુજરાતના



શ્રદ્ધાળુઓનું આસ્થાનું મહાતીર્થ શ્રી વાંકલ વિરાત્રા ધામમાં ચાલુ માસમાં ૧૪ જૂનથી ૧૬ જૂન દરમિયાન શ્રી કૃષ્ણજી મંદિરે ભવ્ય મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. ગુજરાત અને રાજસ્થાનની સરહદે બાડમેર નજીક ચૌટન શહેર નજીક વિરાત્રા વાંકલ માતાજીના મહાધામમાં આયોજિત આ ભવ્ય આયોજનની તૈયારીઓ આરંભી દેવામાં આવી છે.જેની સફળતા માટે વિવિધ સમિતિઓની રચના પણ કરી દેવાઈ છે. વાંકલ વિરાત્રા ધામમાં વર્ષ દરમિયાન વખતોકવખત લોક મેળા પણ યોજાય છે. અહીં વિશાળ ગૌશાળા પણ છે. પ્રાકૃતિક સૌંદર્યથી ભર્યા ભર્યા માહોલમાં વિરાત્રા વાંકલ ધામમાં રોજબરોજ હજારો ભક્તોનો મહેરામણ ઉમટતો જ રહે છે. અહીં દર્શન અર્ચન કરીને ભક્તો ધન્યતા અનુભવે છે. દૂર દૂરથી ભક્તો આ પાવન મહાતીર્થમાં દર્શનાર્થે આવે છે. મુંબઈ-મહારાષ્ટ્રથી મોટા ગજાની ફિલ્મ હસ્તીઓ ઊપરાંત અદના ભાવિકો, રાજસ્થાન અને ગુજરાત સહિત વિભિન્ન સ્થાનોમાંથી શ્રદ્ધાળુઓ વાંકલ માતાજીના મહાતીર્થમાં આવી દર્શન અર્ચન કરી ધન્ય બને છે.

આ પાવન ભૂમિમાં શ્રી કૃષ્ણજીની મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠાનો પ્રારંભ તા.૧૪ મી જૂને થશે જ્યારે ૧૫મી જૂને શોભાયાત્રા નીકળશે અને તા.૧૬મી જુનને શનિવારે પૂર્ણાહુતિ થશે. શ્રી વાંકલ વિરાત્રા માતા ધર્માર્થ ટ્રસ્ટના અધ્યક્ષ કેપ્ટન શ્રીમાન સગતસિંહ ભોપા અને તેમના ટ્રસ્ટીઓ સહિત વિવિધ સમિતિઓના પ્રમુખો, ટ્રસ્ટીઓ આ માંગલિક કાર્યના આયોજનની તૈયારીઓમાં લાગી ગયા છે.

# અરવલ્લીમાં વિશ્વ યોગ દિવસની ઉજવણી કરાશે

મોડાસા, તા. ૧૩

૨૧ જૂન સંયુક્ત રાષ્ટ્રસંઘ દ્વારા વિશ્વયોગ દિવસ તરીકે જાહેર કરવામાં આવેલો છે. અરવલ્લી જિલ્લામાં ૨૧ જૂને વિશ્વયોગ દિવસની જિલ્લાકક્ષાની ઉજવણી કે.એન. શાહ હાઈસ્કૂલ ખાતે કરવામાં આવશે તેમજ અરવલ્લી જિલ્લાના તાલુકાઓમાં પણ વિશ્વયોગ દિવસની ઉજવણી કરવામાં આવનાર છે. આ દિવસે નાગરિકો, સ્વૈચ્છિક સંસ્થાઓ સ્વયંભુ ઉજવણીમાં જોડાય તે માટે અરવલ્લી જિલ્લામાં કલેક્ટરના અધ્યક્ષસ્થાને બેઠક યોજવામાં આવી હતી. બેઠકમાં અધિકારીઓ, સહયોગી સંસ્થાના હોદ્દેદારો હાજર રહ્યાં હતા. જિલ્લાના યોગ દિવસની સફળતાના વિવિધ કામો માટે નોડલ અધિકારીઓની નિમણુંક કરવામાં આવી છે. વિશ્વ યોગ દિવસે પતંજલી, આર્ટ ઓફ લીવીંગ, સ્વાધ્યાય પરિવાર, સ્વામિનારાયણ સંસ્થા, બ્રહ્માકુમારી સંસ્થા, શાળા-કોલેજના વિદ્યાર્થીઓ સહિતની સંસ્થાઓ જોડાશે.

તા. ૧૪-૬-૨૦૧૮ થી તા. ૨૦-૬-૨૦૧૮ સુધી માસ્ટર ટ્રેનરો દ્વારા જિલ્લાકક્ષાએ તેમજ તાલુકા કક્ષાએ યોગની તાલીમ આપવામાં આવશે. વર્ષ ૨૦૧૭માં ૨૫૦૮૮ નાગરીકોએ વિશ્વયોગ દિવસની ઉજવણીમાં ભાગ લીધો હતો.

કાર્યક્રમના સ્થળે એલઈડી સ્ક્રીન અને યોગ નિદર્શન કાર્યક્રમના જીવંત પ્રસારણની વ્યવસ્થા પણ કરવામાં આવનાર છે.

## સિસિકાની એમ્બ્યુલન્સનો રાહત દરે લાભ લેવા અનુરોધ

ગાંધીનગર, તા.૧૩

સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ ગાંધીનગર શહેરની એકમાત્ર સેવાભાવી સંસ્થા છે. જે વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ શહેર અને જિલ્લામાં કરે છે. આજુબાજુના ૧૨ ગામોમાં ફરતા દવાખાનાની ઉત્કૃષ્ઠ સેવા પણ નગરની અન્ય એમ્બ્યુલન્સ સેવા કરતાં રાહત દરે સેવા આપે છે.

જેમાં શહેરના કોઈ પણ દવાખાના માટે ૧૫૦, એપોલો હોસ્પિટલ માટે ૨૦૦, અમદાવાદમાં કોઈ પણ દવાખાના માટે રૂ. ૪૦૦. જેમાં૧ કલાક ફ્રી ત્યારબાદ દર કલાકના રૂ. ૫૦ પ્રમાણેનો ચાર્જ છે. (જવા આવવા સાથે) આ માટે ચાલક મહેન્દ્રસિંહ વાઘેલાનો મો. ૯૮૨૪૬૮૦૨૭૧ પર સંપર્ક કરવા મંત્રી ભૂપેન્દ્રભાઈ ડી. શાહે જણાવેલ છે.

## બનાસ મેડિકલ કોલેજ અને રિસર્ચ ઈન્સ્ટિટયૂટને હેલ્પ લાઈન સેન્ટરની ફાળવણી

ગુજરાત રાજ્યના મેડિકલ કોલેજમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓ માટે ઓનલાઈન રજીસ્ટ્રેશન ફોર્મ ભરવા વિષેની માહિતી માટે બનાસ મેડિકલ કોલેજ અને રિસર્ચ ઈન્સ્ટિટયૂટને હેલ્પ લાઈન સેન્ટરની ફાળવણી કરવામાં આવી છે. આ હેલ્પ લાઈન સેન્ટર તા.૧૪-૬-૨૦૧૮થી પાલનપુર સ્થિત સિવિલ હોસ્પિટલ ખાતે કાર્યરત કરવામાં આવશે.

મેડિકલ કોલેજમાં પ્રવેશ ઈચ્છતા નીટ કોવ્લીફાઈડ થયેલ વિદ્યાર્થી અને વાલીઓ માટે સેમિનારનું આયોજન તા.૧૩-૬-૨૦૧૮ના સવારના ૧૦ વાગ્યે બનાસ મેડિકલ કોલેજ અને રિસર્ચ ઈન્સ્ટિટયૂટના લેક્ચર હોલ-૨ ખાતે રાખવામાં આવેલ છે જેમાં મેડિકલ કોલેજમાં એડમિશન લેવા માંગતા વિદ્યાર્થીઓને ઓનલાઈન રજીસ્ટ્રેશન કરવા માટેનું નિષ્ણાતો દ્વારા માર્ગદર્શન પૂરું પાડવામાં આવશે.

# સી.એમ. ડેશ બોર્ડ સરકારનું ત્રીજું નેત્ર બનશે : રૂપાણી

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ સી.એમ. ડેશ બોર્ડ દ્વારા સરકારના પબ્લિક ડિલિંગ વિભાગોનું સીધું મોનીટરીંગ મુખ્યમંત્રી કાર્યાલયથી થશે તેમ જણાવ્યું છે. રાજ્ય સરકારના બધા જ વિભાગો અને જિલ્લા કચેરીઓ સહિત સમગ્ર સરકાર કમાન્ડ કન્ટ્રોલ વોલ ડેશ બોર્ડ સાથે જુલાઇ માસના અંત સુધીમાં જોડાઇ જશે એમ તેમણે જાહેર કર્યુ છે.

મુખ્યમંત્રીશ્રીએ આજે મુખ્યમંત્રી નિવાસસ્થાને આ ડેશ બોર્ડની કામગીરીનું પ્રેઝન્ટેશન અને વિસ્તૃત વિવરણ પ્રચાર માધ્યમો સમક્ષ કર્યું હતું. તેમણે એમ પણ કહ્યું કે બધા જ જિલ્લા કલેકટરો ડી.ડી.ઓ., એસ.પી.ને પ્રતિ માસ ૮ થી ૧૦ મુદ્દાઓ ફોકસ પોઇન્ટ તરીકે આપીને એ વિષયોમાં એમના જિલ્લાની સ્થિતિની સમીક્ષા કરાશે. આવા ફોકસ એરિયામાં શ્રેષ્ઠ દેખાવ માટેની હેલ્ધી કોમ્પિટિશન થશે અને અધિકારીઓની એફિસિયન્સીનું સતત મોનીટરીંગ પણ શકય બનશે. આના પરિણામે કાર્યદક્ષતા વધશે.

શ્રી વિજયભાઇ રૂપાણીએ મુખ્યમંત્રી કાર્યાલયમાંથી ૩ કોલ આપી કામગીરી પૂર્ણ કરવાની સતત સૂચના અને દેખરેખ રખાય છે.

આ ડેશ બોર્ડ સરકારનું ત્રીજું મોનિટરીંગથી રાજ્યમાં કયાં સ્થળે કઇ સ્થિતિ છે તે પણ મુખ્યમંત્રી સ્તરે જાણી શકાય છે. તેમણે કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓમાં રાજ્યની



કહ્યું કે આ ડેશ બોર્ડમાં હાલ ૧૭૦૦ જેટલા પેરામીટર્સ અને ઇન્ડીકેટર્સ સમાવિષ્ટ કરવામાં આવ્યા છે અને તેના સંદર્ભમાં જિલ્લા તાલુકા વિવિધ વિભાગોની કામગીરીની સમીક્ષા તલસ્પર્શી રીતે હાથ ધરીને નેત્ર બનીને પારદર્શિતાથી ટેકનોલોજીના ઉપયોગથી ગુડ ગર્વનન્સનો નવીન પ્રયોગ બન્યો છે તેમ તેમણે ઉમેર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે સર્વેલન્સ સીસ્ટેમથી રીયલ ટાઇમ સિધ્ધિ અને સ્થિતિ પણ આના દ્વારા જાણી શકાશે એમ કહીને ઉમેર્યુ કે નેશનલ પેરામીટર્સમાં પણ મોનીટરીંગ કરીને ગુજરાત એમાં આગળ રહી સ્પર્ધા કરી શકે તે માટે પણ સજ્જ થઇ શકાશે.



**મોડાસાના પત્રકારમિત્રો દ્વારા સર્વધર્મ સમભાવ સાથે ઈફ્તારી પાર્ટી યોજાઈ**

અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં પત્રકાર મિત્રો દ્વારા મુસ્લિમ બિરાદરોનો પવિત્ર રમઝાન માસના અંતિમ દિવસ ચાલી રહ્યા હોવાથી ઈફ્તારી પાર્ટીની આયોજન કરવામાં આવ્યું હતું. ઈફ્તારી પાર્ટીમાં ફળ, મીઠાઈ આપી મુસ્લિમ પત્રકાર બિરાદરોના રોઝા છોડાવવામાં આવ્યા હતા. પત્રકારોએ મોડાસા નગરમાં કોમી એખલાસની ભાવના જળવાય અને સર્વ ધર્મ સંભાવનું વાતાવરણ બની રહે તેવા શુભ સંદેશ સાથે મોડાસા શહેરના સર્કિટ હાઉસના બગીચામાં ઈફ્તારી પાર્ટીનું આયોજન કર્યું હતું. જેમાં તમામ હિન્દૂ-મુસ્લિમ પત્રકારો ઉપસ્થિત રહ્યા હતા.

## આજે વિશ્વ રક્તદાતા દિવસ નિમિત્તે રક્તદાન કેમ્પ

૧૪મી જુન એ વિશ્વ રક્તદાતા દિવસ તરીકેની ઉજવણી કરવા માટે જિલ્લા આરોગ્યતંત્ર દ્વારા ગાંધીનગર સિવિલ અને કલોલ આદર્શ હોસ્પિટલ ખાતે રક્તદાન કેમ્પનું આયોજન કર્યુ છે.

સવારે ૯ થી બપોરના બે વાગ્યા સુધી યોજાનાર આ રક્તદાન કેમ્પમાં ૨૦૦થી વધુ બોટલ રક્તદાતાઓ દ્વારા રક્તદાન થાય તેવુ આયોજન કરાયું છે. રાજ્યના આરોગ્ય કમિશ્નર સુશ્રી જયંતિ રવિએ પણ આરોગ્યતંત્રના અધિકારીઓને અપીલ કરી રક્તદાન જેવી મહાદાનની પ્રવૃત્તિમાં વધુને વધુ લોકોને જોડવા જણાવ્યુ છે.

## બનાસકાંઠામાં પુર સહાયથી વંચિતોએ કલેકટરને પાઠવ્યું આવેદનપત્ર

બનાસકાંઠા જિલ્લામાં વર્ષ ૨૦૧૫-૧૭માં ભારે વરસાદથી પુરની સ્થિતિ સર્જાઇ હતી. જેમાં જિલ્લાના પૂર્વ વિસ્તારમાં પણ ભારે નુકશાન થયું હતુ. જોકે, આ રહીશોને કોઈ સહાય આપવામાં આવી નથી. જેમના દ્વારા પુર વળતર અધિકાર લડત સમિતિ બનાવવામાં આવી છે. જેમણે મંગળવારે પાલનપુર ખાતે જિલ્લા કલેકટરને રજૂઆત કરી હતી.

# સાબરકાંઠામાં ૯૦ નવા મતદાન મથકો બનશે ૧૪૧ મતદાન મથકોમાં ફેરફાર કરાશે

હિંમતનગર, તા. ૧૨

વર્ષ ૨૦૧૯માં લોકસભાની ચૂંટણી યોજાનાર છે ત્યારે સાબરકાંઠા જિલ્લામાં વસ્તીના ધોરણે મતદાન મથકોનું પુનઃ ગઠન કરવુ જરૂરી છે ત્યારે જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા ચકાસણી કર્યા બાદ જિલ્લામાં ૯૦ મતદાન મથકો નવા બનશે જ્યારે ૧૪૧ મતદાન મથકોમાં ફેરફાર કરવાનું જરૂરી બન્યુ છે.

આ અંગે તાજેતરમાં જિલ્લા કલેક્ટરના અધ્યક્ષ સ્થાને યોજાયેલ રાજકીય પક્ષોના અગ્રણીઓ તથા ચૂંટણી અધિકારીઓ સાથેની બેઠકમાં જિલ્લાના મતદાન મથકોની ચકાસણી કરી ચર્ચા કરવામાં આવી હતી. જે અંતર્ગત

**કયાં વિભાગમાં કેટલા મતદાન મથકો નવા બનશે**

| વિભાગનું નામ | હાલના મતદાન મથકો | નવા મતદાન મથકો |
|---|---|---|
| હિંમતનગર | ૩૩૧ | ૨૩ |
| ઈડર | ૩૫૩ | ૧૨ |
| ખેડબ્રહ્મા | ૩૧૪ | ૨૭ |
| પ્રાંતિજ | ૨૯૬ | ૨૮ |

ગ્રામ્ય વિસ્તારોમાં ૧૨૦૦થી વધુ તથા શહેરી વિસ્તારોમાં ૧૪૦૦થી વધુ વસ્તી હોય તેવા મતદાન મથકોને મર્જ કરવા તેમજ પૂરક મતદાન મથક આપવાનું થાય છે. જોકે મતદાન મથક માટે બે કિલોમીટર દૂર જવુ પડે અથવા તો ભૌગોલીક કારણસર તે વિસ્તારમાં નદી કે કોતર આવતા હોય તો તેવા સ્થળે મતદાન મથકોની સુવિધા ઉભી કરવાનું નક્કી કરાયુ છે. જે મુજબ જિલ્લામાં આવેલા ૧૨૯૪ મતદાન મથકોમાં નવા ૯૦ મતદાન મથકો ઉમેરાશે.

## ટ્રેનમાંથી પટકાતા અજાણ્યા યુવકનું મોત

ડીસા ભોપાનગર ફાટક પાસે એક સપ્તાહ અગાઉ એક અજાણ્યો યુવક ટ્રેનમાંથી નીચે પટકાયો હતો. જેને અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. જ્યાં સારવાર દરમિયાન તેનું મોત નિપજયું હતુ. યુવકે અંદાજીત પચ્ચિસ વર્ષિય આ યુવકે ચોકડીવાળુ શર્ટ અને જીન્સનું પેન્ટ પહેર્યુ છે. જેના વાલીવારસોએ પાલનપુર રેલવે સ્ટેશનનો સંપર્ક કરવા જણાવાયું છે.




**ધનસુરા ગઢીમાતાજીના મંદિર ખાતે દ્વિતિય અખંડ રામધૂન મહોત્સવની પુર્ણાહુતિ**

પ.પૂ. સંત શ્રી રામદાસજી મહારાજ શ્રી સંતરામ મંદિર નડિયાદની આશીર્વાદથી પ.પૂ મહામંડલેશ્વર શ્રી પુરણશરણદાસજી મહારાજના સાનિધ્યમાં શ્રી ભાલકેશ્વર સેવા સમિતિ, ખોખરા અમદાવાદના સહયોગથી પવિત્ર અધિક માસ નિમિત્તે ધનસુરાના ગઢીમાતાજીના મંદિર ખાતે દ્વિતિય અખંડ રામધૂન મહોત્સવનું આયોજન કરાયું હતું. અરવલ્લી જિલ્લાના ભજન મંડળો દ્વારા દ્વિતિય અખંડ રામધૂન મહોત્સવની પુર્ણાહુતિ કરાઈ હતી. તા.૧૬-૫-૨૦૧૮ના રોજ શરુ કરાયેલ અખંડ રામધૂન મહોત્સવની તા. ૧૩-૬-૨૦૧૮ના રોજ પૂર્ણાહુતિ કરાઈ હતી. જેમાં અરવલ્લી જિલ્લાના ભક્તોએ લાભ લીધો હતો. પુજારી રામશરણદાસજી, ગુરુશ્રી પુરણશરણદાસજી મહારાજ સમસ્ત ભકતગણ ગઢીમાતાજી મંદિર દ્વારા સુંદર આયોજન કરાયું હતું.

# હિંમતનગરમાં મહિલાને ગાળો બોલી ધમકી આપતા ત્રણ વિરૂદ્ધ ફરીયાદ

હિંમતનગર, તા. ૧૩

હિમતાનગરના મહાવીરનગર વિસ્તારમાં રહેતી એક મહિલાને ત્રણ દિવસ અગાઉ ત્રણ શખ્સોએ ગમે તે કારણસર ગાળો બોલી છેડતી કરવાનો પ્રયાસ કરી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરીયાદ સોમવારે હિંમતનગર એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામી હતી.

મહાવીરનગરમાં ધોબી કામ કરતા રેણુકાબેન આશિષભાઈ રાઠોડે નોંધાવેલી ફરીયાદમાં કરેલા આક્ષેપ મુજબ ગત રવિવારે ભાવેશભાઈ બાબુલાલ સુથારે ગમે તે કારણસર રેણુકાબેનના મોબાઈલ પર ફોન કરી તેમના પતિને ગાળો બોલી હતી. જ્યારે હિંમતનગર તાલુકાના નવા ગામના દિપકભાઈ બાબુભાઈ સુથારે આવીને રેણુકાબેનના કપડા પકડી તેમની સાથે આવેલા પંકજ પનાલાલ પુરીવળીએ આવીને રેણુકાબેનને ગડદાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. રેણુકાબેને ત્રણેય જણા વિરૂદ્ધ સોમવારે હિંમતનગર એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાંફરીયાદ નોંધાવીહતી.

**પંચમહાભૂતમાં વિલિન... ● અનુસંધાન પહેલાનું ચાલુ**

હતો. ભૈયુજી મહારાજને અગ્નિદાહ તેમની પુત્રી કુહુ દ્વારા આપવામાં આવ્યો હતો. ભૈયુજીએ પોતાના પ્રથમ પત્નિ માધવીના મોત બાદ ગયા વર્ષે આયુષી સાથે લગ્ન કર્યા હતા. પહેલી પત્નિથી તેમની પુત્રી કુહુ છે જે પુણેમાં અભ્યાસ કરી રહી છે. અત્રે નોંધનીય છે કે, જાણિતા આધ્યાત્મિક ગુરુ અને સામાજિક કાર્યકર ભૈયુજી મહારાજે ગઈકાલે પોતાને ગોળી મારીને આપઘાત કરી લેતા ખળભળાટ મચી ગયો હતો. તેમના સમર્થકોમાં આઘાતનું મોજુ ફરી વળ્યું હતું. ભૈયુજીએ ગઈકાલે ઈન્દોરના ખાંડવા રોડ સ્થિત પોતાના આવાસ ઉપર આપઘાત કરી લીધો હતો. ભૈયુજી મહારાજે આપઘાત કેમ કર્યો તેને લઈને પ્રશ્નોની શરૂઆત થઈ ગઈ હતી. ભૈયુજીએ પોતે પોતાના માથામાં ગોળી મારી લીધી હતી. ભૈયુજી મહારાજની આત્મહત્યાને લઈને એક નોંધ પણ મળી આવી હતી જેમાંથી જાણવા મળ્યું છે કે તેઓ ખુબ જ ટેન્શનમાં દેખાઈ રહ્યા હતા જેના કારણે તેઓએ આપઘાત કરી લીધો હતો. ભૈયુજી મહારાજે પોતાના માથામાં ગોળી મારી લીધા બાદ તેમને તરત જ ઈન્દોરની બોમ્બે હોસ્પિટલમાં દાખલ કરાયા હતા પરંતુ ત્યાં તેમને મૃત જાહેર કરાયા હતા. તાજેતરમાં જ શિવરાજસિંહ સરકારે તેમને રાજ્યમંત્રીનો દરજ્જો આપ્યો હતો.

**ફીફા વર્લ્ડકપ... ● અનુસંધાન પહેલાનું ચાલુ**

ફીફા વર્લ્ડ કપમાં યજમાન દેશ હોવાથી રશિયા પણ મેદાનમાં ઉતરનાર છે. રશિયા આવતીકાલે ગ્રુપ એમાં પોતાની પ્રથમ મેચ સાઉદી અરેબિયા સામે રમશે. આની સાથે જ ફીફા વર્લ્ડ કપની શરૂઆત થશે. આ મેચનુ પ્રસારણ ભારતીય સમય મુજબ રાત્રે ૮-૪૦ વાગે રહેશે. ૧૪મી જુનથી એટલે કે આવતીકાલથી ફીફા વર્લ્ડ કપની શરૂઆત થઈ રહી છે. નવી ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવનાર છે. ૨૧મા ફીફા વર્લ્ડ કપને લઈને તમામ ટીમો સજ્જ છે. વર્તમાન ચેમ્પિયન જર્મની આ વખતે પણ ફોટફેવરીટ તરીકે છે. રશિયામાં ૧૪મી જુનથી તેની શરૂઆત થયા બાદ ૧૫મી જુલાઈ સુધી વર્લ્ડ કપ ચાલનાર છે. જર્મનીમાં વર્ષ ૨૦૦૬માં આનુ આયોજન કરવામાં આવ્યા બાદ આ પ્રથમ વર્લ્ડ કપ છે. પૂર્વીય યુરોપમાં પ્રથમ વખત આનુ આયોજન કરવામાં આવી રહ્યુ છે. યુરોપિયન રશિયામાં રહેલા તમામ મેદાનો ખાતે પુરતી તૈયારી કરી લેવામાં આવી છે. આ વર્લ્ડ કપમા ૩૨ ટીમો ભાગ લઈ રહી છે. તમામ ટીમોને જુદા જુદા ગ્રુપમાં વિભાજિત કરવામાં આવી છે. જે પૈકી ગ્રુપ એમાં રશિયા, સાઉદી અરેબિયા, ઈજિપ્ત અને ઉરુગ્વેની ટીમો છે. બીજી બાજુ ગ્રુપ બીમાં પોર્ટુગલ, સ્પેન, મોરક્કો, અને ઈરાનની ટીમો છે. , ગ્રુપ સીમાં ફ્રાન્સ, ઓસ્ટ્રેલિયા, પેરુ અને ડેનમાર્કની ટીમો છે. આવી જ રીતે ગ્રુપ ડીમાં આર્જેન્ટિના, આઈસલેન્ડ, ક્રોશિયા અને નાઈજિરિયાની ટીમો છે. ગ્રુપ ઈમાં બ્રાઝિલ, સ્વીસ, કોસ્ટા રીકા અને સર્બિયાની ટીમ છે. ગ્રુપ એફમાં જર્મની, મેક્સિકો, સ્વીડન અને દક્ષિણ કોરિયાની ટીમ છે. ગ્રુપ જીમાં બેલ્જિયમ, પનામા, ટ્યુનિશિયા અને ઈંગ્લેન્ડની ટીમ છે. આવી જ રીતે ગ્રુપ એચમાં પોલેન્ડ, સેનેગલ, કોલંબિયા અને જાપાનની ટીમ છે.